## પ્રકરણ – ૧

## વ્યાખ્યાઓ

માહિતીના અધિકાર અધિનિયમ-૨૦૦૫ માં પ્રયોજવામાં આવેલ અગત્યના કેટલાક શબ્દ પ્રયોગની વ્યાખ્યાઓ.

(ક) "સમુચિત સરકાર" એટલે :-

(૧) કેન્દ્ર સરકાર અથવા સંઘ રાજય ક્ષેત્રે વહીવટ દ્વારા પ્રત્યેક અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલિકીવાળા, નિયંત્રણ વાળા અથવા ફંડ રુપે મોટે પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળ સંબંધમાં કેન્દ્ર સરકાર.

(૨) રાજ્ય સરકાર દ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલિકીવાળા, નિયંત્રણ વાળા અથવા ફંડ રુપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તા મંડળના સંબંધમાં રાજ્ય સરકાર.

(ચ) "સક્ષમ સત્તાધિકારી" એટલે :-

(૧) લોકસભાના અથવા રાજ્ય વિધાનસભાના અથવા એવી વિધાનસભા ધરાવતા સંઘરાજ્ય ક્ષેત્રના, કિસ્સામાં અધ્યક્ષ અને રાજયસભા અથવા રાજ્યવિધાન પરિષદના કિસ્સામાં અધ્યક્ષ.

(૨) ઉચ્ચતર ન્યાયાલય નાકિસ્સામાં ભારતના મુખ્ય ન્યાય મૂર્તિઓ.

(૩) ઉચ્ચન્યાયાલયના કિસ્સામાં ઉચ્ચન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિઓ.

(૪) સંવિધાનથી અથવા તે હેઠળ સ્થપાયેલ અથવા રચાયેલ બીજા સત્તા મંડળના કિસ્સામાં રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ.

(૫) સંવિધાનની કલમ ૨૩૯ હેઠળ નિમાયેલા વહીવટ દાર.

(છ) "માહિતી" એટલે રેકર્ડ,

દસ્તાવેજો, મેમો, ઇ- મેઇલ, અભિપ્રાયો, સલાહ, અખબારીયાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમુના, મોડલ્સ, કોઇ ઇલેક્ટ્રોનીક સ્વરુપમાં માહિતી સામગ્રી અને તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ કોઇ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઇ ખાનગી મંડળને લગતી માહિતી સહીતની કોઇ પણ સ્વરુપમાં કોઇ પણ સામગ્રી.

(ઝ) "જાહેર સત્તા મંડળ" એટલે.

(ક) સંવિધાન થી અથવા તે હેઠળ

(ખ) સંસદે કરેલા કોઇ બીજા કાયદાથી.

(ગ) રાજ્ય વિધાનમંડળે કરેલા બીજા કોઇ કાયદાથી.

(ઘ) સમુચિત સરકારે બહાર પાડેલા કોઇ જાહેરનામાથી અથવા કરેલા કોઇ હુકમથી છપાયેલા અથવા રચેલા કોઇ સત્તામંડળ અથવા મંડળ અથવા સ્વરાજયની સંસ્થા અને તેમાં સમુચિત સરકારે પુરા પાડેલા ફંડ થી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે.

(૧) માલિકીના નિયંત્રણ અથવા મોટે પાયે ધિરાણ મેળવેલ મંડળ.

(૨) મોટા પાયે ધિરાણ મેળવતા બીનસરકારી સંગઠનો નો પણ સમાવેશ થાય છે.

(ટ) "રેકર્ડ"માં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) કોઇ દસ્તાવેજ હસ્તપ્રત અથવા ફાઇલ.

(ખ) કોઇ દસ્તાવેજની માઇક્રો ફિલ્મ – માઇક્રોફીસ અથવા ફીસીમાઇલ નકલ.

(ગ) આવી માઇક્રોફીલ્સમાં સમાવિષ્ટ પ્રતિકૃતિ અથવા પ્રતિકૃતિઓની (મોટી કરેલ હોય કે નહોય તો પણ) કોઇ નકલ અને

(ઘ) કોમ્પ્યુટર અથવા બીજા કોઇ સાધનથી રજુ કરેલી કોઇ સામગ્રી.

(ઠ) "માહિતીનો અધિકાર" એટલે આ અધિનિયમ હેઠળ કોઇ જાહેર સત્તામંડળ પાસે થી અથવા તેના નિયંત્રણ હેઠળ ની માહિતી મેળવવાનો અધિકાર અને તેમાં

(૧) કામકાજ દસ્તાવેજો, રેકર્ડની તપાસ કરવાના.

(૨) દસ્તાવેજો અથવા રેકર્ડની નોંધ, ઉતારા અથવા પ્રમાણિત નકલો લેવાના

(૩) સામગ્રીના પ્રમાણિત પુરાવા લેવાના.

(૪) ડીસ્કેટસ ફ્લોપી, ટેપ, વીડીયો કેસેટ ના સ્વરુપમાં અથવા બીજા કોઇ ઇલેક્ટ્રોનીકસ પધ્ધતિ અથવા જયારે આવી માહિતી કોઇ કોમ્પ્યુટરમાં અથવા બીજા કોઇ સાધનમાં સંગ્રહીત હોય ત્યારે પ્રિન્ટ આઉટની મારફતે મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે.

(ડ) "રાજ્ય માહિતીપંચ" એટલે કલમ-૧૫ની પેટા કલમ – (૧) હેઠળ રચાયેલું રાજ્ય માહિતી પંચ.

(ઢ) "રાજ્યના મુખ્ય માહિતી કમિશનર" અને "રાજ્યના માહિતી કમિશનર" એટલે કલમ – ૧૫ની પેટા કલમ-(૩) હેઠળ નિમાયેલ રાજયના મુખ્ય માહિતી કમિશ્નર અને રાજયના માહિતી કમિશ્નર.

| | |
|---|---|
| (ત) | "રાજયના જાહેર માહિતી અધિકારી" એટલે કલમ-૧૫ની પેટા કલમ-(૧) હેઠળ મુકરર કરેલ રાજ્યના જાહેર માહિતી અધિકારી અને તેમાં પેટા કલમ-(૨) હેઠળ એવા રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારનો પણ સમાવેશ થાય છે. |
| (થ) | "ત્રાહિત પક્ષકાર" એટલે માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઇ વ્યકિત અને તેમાં જાહેર સત્તામંડળનો સમાવેશ થાય છે. |